# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 173 B.N.S.S)

## (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 173 હેઠળ)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | આણંદ | Police Station (પોલીસ સ્ટેશન) | આણંદ રૂરલ | Year (વર્ષ) | 2025 | FIR No. (પ્ર.મા. અ.ક્રમાંક) | 11215001250441 | Date (તારીખ) | 14/08/2025 |

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી — Sections (કલમો): 406,420,465,467,468,471,120 B

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | શુક્રવાર | Date from (તારીખથી) | 01/01/2021 | Date to (તારીખ સુધી) | 26/04/2024 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 00:00 | Time to (કલાક સુધી) | 23:59 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 14/08/2025 — Time (સમય): 20:55

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર): મૌખિક

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): ઉતર,7.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું): સી.સ.નં. એન.એ.છસ્સો તાંણુ. પાંચ વાળી જમીન ઉપર,
ગામ. સામરખા,
તા. આણંદ,
જી. આણંદ.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ): — District (જીલ્લો):

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)



Scanned with CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| (a) (ક) | Name (નામ) | તોસીફભાઇ શૈલેષભાઇ વહોરા | (b) (ખ) | Father's/Husband's Name (પિતા/પતિનું નામ) | શૈલેષભાઇ વહોરા |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | 35 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ઙ) | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | અન્ય | (g) (છ) | Address (સરનામું) | છ બેતુલ આયસાર ટીબી હોસ્પિટલ ની પાછળ ભાલેજ રોડ, ગામ. આણંદ, તા. આણંદ, જી. આણંદ. |

7 Details of known/suspected/unknown accused with full particulars: (Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | મુનાફભાઇ ઈદ્રીશભાઈ વહોરા | | ગામ. તારાપુર, તા. તારાપુર, જી. આણંદ. |
| (2) | અલ્તાફભાઇ યુસુફભાઇ વ્હોરા | | ગાર્ડન સોસાયટી પાણીની ટાંકી પાસે, ગામ. આણંદ, તા. આણંદ, જી. આણંદ. |
| (3) | શાહિનબેન ઇલ્યાસભાઇ વ્હોરા | | સ્વામી કૃપા સોસાયટી, ગામ. આણંદ, તા. આણંદ, જી. આણંદ. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

પુરાવા એકત્રિત કરવામા રોકાયેલ હોવાથી

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિંમત)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)



Scanned with CamScanner

(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

તે એવી રીતે કે આ કામના મુખ્ય સૂત્રધાર મુનાફભાઇ ઈદ્રીશભાઈ વહોરા તથા અલ્તાફભાઇ યુસુફભાઇ વ્હોરા તથા શાહિનબેન ઇલ્યાસભાઇ વ્હોરા નાઓએ એકબીજાના મેળાપીપણામાં પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી, ફરિયાદીને પ્રથમ સામરખા (બીનખેતી). સી.સ.નં. એન.એ.૬૯૩/૫ વાળી રહેણાંક મકાન માટેની પ્લોટીંગ સ્કીમની ભ્રામક યોજના બતાવી વિશ્વાસમાં લઈ ત્યારબાદ, જૂની યોજના રદ થયાનું બહાનું બતાવી, બાજુની જમીન પર નવી યોજના શરૂ કર્યાનું જણાવી, તે યોજના માટે સરકારી રેકોર્ડ સાથે ચેડાં કરી, તલાટી અને સરપંચના બનાવટી સહી-સિક્કા વાળો ખોટો નકશો તૈયાર કરી આ બનાવટી નકશામાં, તેઓએ મનુભાઈ પટેલની માલિકીની પૂર્વ દિશામાં આવેલી જમીન (સર્વે નં. ૬૯૩/૬) ને, પોતાની ખરીદેલી જમીન (સર્વે નં.૬૯૩/૫) ની દક્ષિણ દિશામાં ખોટી રીતે દર્શાવી, સાહેદ મનુભાઈ પટેલની જમીન પર ગેરકાયદેસર પ્લોટિંગ કરી આ ખોટા દસ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરી, પ્લોટ નં.૯૧ નો તમામ આરોપીઓએ હાજર રહીને ફરિયાદીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપી ફરિયાદી પાસેથી તેમની મહેનતની કમાણીના કૂલ રૂ.૩,૮૫,૦૦૦/- મેળવી ગંભીર પ્રકારનો વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ગુનો કર્યા વી.બાબત.

Complaint(ફરિયાદ)

તા. ૧૪/૦૮/૨૦૨૫.

મારું નામ તોસીફભાઇ શૈલેષભાઇ વહોરા, ઉ.વ. ૩૫, ધંધો- વેપાર, રહેવાસી. ૬.બેતુલ આયશા.૨ ટી.બી. હોસ્પિટલની પાછળ, ભાલેજ રોડ, મુ.પો. આણંદ, મો.નં.૯૬૬૨૮૬૧૬૦૦.

આજરોજ મારી ફરિયાદ હકીકત છે કે હું ઉપર બતાવેલ સરનામે મારા પરિવાર સાથે રહું છું અને ફ્રીજ તથા એ.સી. રીપેરીંગનુ છુટક કામ કરી મારું ગુજરાન ચલાવું છું. મારી પત્ની સીફાબેન છે મારે સંતાનમાં બાળક નથી હું ધોરણ.૧૦ પાસ છુ.

સને જાન્યુઆરી ૨૦૨૧ માં, મને મારા મિત્રો અને પરિચિતો દ્વારા જાણવા મળ્યું કે આણંદના મોજે ગામ સામરખા સાભોળપુરા ખાતે સી.સ.નં. એન.એ.૬૯૩.૫ વાળી જમીનમાં રહેણાંક મકાન માટેની પ્લોટીંગ સ્કીમ શરૂ થઈ છે. ભવિષ્યમાં મારા પરિવાર માટે એક મકાન બનાવવાનુ હોય જેથી હું તે જગ્યાની મુલાકાત લેવા અને વધુ માહિતી મેળવવા ગયો હતો ત્યાં મારો સંપર્ક મુનાફભાઇ ઇંદ્રીશભાઇ વહોરા રહે તારાપુર, વહોરવાડ તા.તારાપુર અને અલ્તાફભાઇ યુસુફભાઇ વ્હોરા રહે.ગાર્ડન સોસાયટી, પાણીની ટાંકી પાસે,આણંદના પ્રતિનિધિ તરીકે કામ કરતા વસીમ ચકલાસી સાથે થયો. તેમણે મને ૨૦૮ પ્લોટનો એક ખૂબ જ વ્યવસાયિક અને આકર્ષક દેખાતો લે-આઉટ પ્લાન નકશો બતાવ્યો. તેમણે મને અને અન્ય મારા મિત્રોને ગ્રાહકો તરીકે ખાતરી આપી કે મુનાફભાઇ તથા અલ્તાફભાઇના કહેવા મુજબ આ યોજના સંપૂર્ણપણે કાયદેસર છે, તમામ સરકારી પરવાનગીઓ મેળવેલી છે અને ટાઇટલ એકદમ સ્પષ્ટ છે.

તેમની વાતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને, મેં રોડની નજીકનો પ્લોટ નં. ૧૦ ખરીદવા માટે અલ્તાફભાઈ યુસુફભાઈ વ્હોરા રહે હાલ આણંદ,૧૦૦ ફુટ રોડ ઉપર તથા મુનાફભાઇ ઇંદ્રીશભાઇ વ્હોરા રહે-તારાપુર, વ્હોરવાડ તા.તારાપુર નાઓ સાથે રૂબરૂમાં તેમના આણંદ ૧૦૦ ફુટ રોડે અલ્તાફભાઇના નવા બનતા ઘરે બેસી સીધી વાતચીત કરી. લાંબી વાટાઘાટો પછી, પ્લોટની કુલ કિંમત રૂ. ૩,૮૫,૦૦૦ નક્કી થઈ. મેં મારા પરિવારના ભવિષ્ય માટે વર્ષોથી બચાવેલી અને પરસેવાની કમાણીમાંથી રૂ. ૫૦,૦૦૦ રોકડા ટોકન પેટે ચૂકવ્યા. પરંતુ, જ્યારે પણ મેં દસ્તાવેજ નોંધણીની વાત કરી, ત્યારે આરોપીઓએ સરકારી પરવાનગીની ફાઈલ ઉપર ગઈ છે ""કલેક્ટર ઓફિસમાં થોડો વિલંબ છે અથવા થોડા મહિના રાહ જુઓ, બધું થઈ જ" જેવા ખોટા અને ગેરમાર્ગે દોરનારા બહાના બતાવીને દસ્તાવેજ કરી આપ્યો નહીં અને જાણીજોઈને સમય પસાર કરતા રહ્યા.

ઘણા મહિનાઓ સુધી માત્ર ખોટા આશ્વાસનો અને ધક્કા ખાધા પછી, તા.૨૭.૧૦.૨૦૨૩ ના રોજ અલ્તાફભાઈએ મને ફોન પર એક નવી જ વાર્તા સંભળાવી. તેમણે જણાવ્યું કે, જમીન માલિક સાથેના કરારમાં કેટલીક કાનૂની સમસ્યાઓ ઊભી થવાથી જૂની ૨૦૮ પ્લોટની યોજના રદ કરવામાં આવી છે પરંતુ તમે અમારા જૂના અને વિશ્વાસુ ગ્રાહક છો, એટલે તમે ચિંતા કરશો નહીં. અમે ખાસ તમારા જેવા ગ્રાહકો માટે બાજુની જમીન મોજે સામરખા બ્લોક સર્વે નં. ૬૯૩.૫ ઉપર ૯૭ પ્લોટની એક નવી અને વધુ સારી યોજના બનાવી છે. મારો વિશ્વાસ સંપૂર્ણપણે જીતવા માટે અને મને ફસાવવાના બદઈરાદાથી તેમણે આ નવી યોજનાનો એક નકશો મારા મિત્ર ઇરફાન પૈગામના વોટ્સએપ પર મોકલેલ



Scanned with CamScanner

હોવાનું જણાવતા તે નકશો મેં ઇરફાન પૈગામવાળાના ફોનમાં જોતા ૯૭ પ્લોટનો નકશો હતો આ નકશામાં તલાટી અને સરપંચના સહીસિક્કા હતા જેથી અમો પ્લોટ ખરીદવા તૈયાર થયેલા.

આ નકશા પર આંધળો ભરોસો રાખીને મેં પ્લોટ નં. ૯૧ ખરીદવાનું નક્કી કરેલ ત્યારબાદ તા.૨૧.૧૧.૨૦૨૩ ના રોજ મને દસ્તાવેજના ડ્રાફ્ટીંગ માટે ઇમરાન નાવલીવાળાની ઓફીસે બોલવેલ અને વેચાણ દસ્તાવેજ તૈયાર કરાવી તેમાં મારી સહિઓ લિધેલ હતી ત્યારબાદ, તા. ૨૪.૦૧.૨૦૨૪ ના રોજ, મને બાકીની પૂરેપૂરી રકમ ચૂકવવા માટે આ જમીનના ભાગીદાર શાહિનબેન ઇલ્યાસભાઇ વ્હોરાની સામરખા ચોકડી પાસે ભાલેજ રોડ ઉપર આવેલી એકતા મોટર્સ નામની ઓફિસે બોલાવવામાં આવેલ તે સમયે ત્યાં આ ગુનાહિત કાવતરાના તમામ મુખ્ય પાત્રો હાજર હતા જેમાં મુખ્ય સૂત્રધાર મુનાફભાઇ અલ્તાફભાઇ, શાહિનબેન તથા તેમના પતિ ઇલ્યાસભાઇ અને નાણાંનો તમામ વહીવટ સંભાળનાર સકીલભાઇ પણ હતા. તે બધાની હાજરીમાં મેં બાકીની રકમ રૂ. ૩,૧૫,૦૦૦ રોકડામાં ચૂકવી દિધેલ હતા. તેના બદલામાં, તેઓએ મને સબ પ્લોટ નં. ૯૧ નો રજીસ્ટર્ડ અસલ વેચાણ દસ્તાવેજ નોંધણી ક્રમાંક ૫૯૩ ૨૦૨૪ તા.૧૧.૦૧.૨૦૨૪ નો આપેલ અને ફરીથી મને મુનાફભાઇ તથા અલ્તાફભાઇએ ભારપૂર્વક ખાતરી આપી કે આ જમીન અમારી પોતાની માલિકીની છે અને તેનું ટાઇટલ એકદમ સ્પષ્ટ છે તમે હવે આ પ્લોટના માલિક છો અને નિશ્ચિંત થઈને ગમે ત્યારે બાંધકામ શરૂ કરી શકો છો. મારા નામે રજીસ્ટર્ડ દસ્તાવેજ થઈ ગયા પછી, મેં મારા નામને સરકારી રેવન્યુ રેકોર્ડમાં દાખલ કરાવવા માટે સિટી સર્વે કચેરીમાં ફેરફાર નોંધ નં. ૨૩૪ દાખલ કરાવી. આ પ્રક્રિયા દરમિયાન જ જમીનના મૂળ માલિક, મનુભાઈ રાવજીભાઈ પટેલે, આ નોંધ સામે વાંધા અરજી દાખલ કરેલ હોય તે બાબતે મને સીટી સર્વે કચેરીમાંથી તા.૨૦.૦૪.૨૦૨૪ ના રોજ નોટિસ મળતા હું સુનાવણીમાં તા.૨૬.૦૪.૨૦૨૪ ના રોજ હાજર રહ્યો હતો ત્યારે મને જાણવા મળ્યું કે મુનાફભાઈ વહોરા તથા તેમના ભાગીદારો અલ્તાફભાઇ વ્હોરા તથા શાહીનબેન ઇલ્યાસભાઇ વ્હોરાનાઓએ અત્યંત ગંભીર અને પૂર્વ-આયોજિત ગુનાહિત કાવતરું રચીને ભેગામળી સરકારી મહેસૂલી રેકોર્ડ અને નકશાઓ સાથે ગેરકાયદેસર રીતે ચેડાં કર્યા હતા. તેમણે મૂળ વેચાણ દસ્તાવેજમાં નિર્દિષ્ટ જમીનની ચતુર્દિશા હદ માં ફેરફાર કરી દીધો હતો. વિશેષરૂપે તેમણે મનુભાઈ પટેલની માલિકીની અને પૂર્વ દિશામાં સ્થિત જમીન સર્વે નં. ૬૯૩ ૬ ને, તેમના દ્વારા બનાવવામાં આવેલ બનાવટી નકશામાં, પોતાની ખરીદેલી જમીન સર્વે નં. ૬૯૩.૫ ની દક્ષિણ દિશામાં ખોટી રીતે પ્રદર્શિત કરી હતી. મુનાફભાઈ તથા તેમના ભાગીદાર અલ્તાફભાઇ તથા શાહીનબેનનાઓએ જે જમીન સર્વે નં. ૬૯૩.૫ ખરીદી હતી, તેની પૂર્વ દિશામાં મૂળ માલિક મનુભાઈ પટેલની બીજી સ્વતંત્ર જમીન સર્વે નં. ૬૯૩.૬ આવેલી હતી. આ જમીનના ભાગીદારોએ ભેગા મળી એક બનાવટી અને ખોટો નકશો તૈયાર કર્યો જેમાં તેમણે મનુભાઈ પટેલની પૂર્વ દિશામાં આવેલી જમીનને પોતાની જમીનની દક્ષિણ દિશામાં બતાવી દીધી. આ રીતે, તેમણે કાગળ પર પોતાની જમીનનો આકાર અને સ્થાન બદલી નાખ્યું અને બીજાની માલિકીની જમીનને પોતાની જમીનનો ભાગ બતાવી દીધો છે આ રીતે, તેમણે પારકી જમીન પર ગેરકાયદેસર રીતે પ્લોટ પાડી દીધા અને તેમાંથી જ એક પ્લોટ પ્લોટ નં. ૯૧ મને વેચી દીધો, જે જમીનના તેઓ ક્યારેય માલિક હતા જ નહી. મારો પ્લોટ વાસ્તવમાં મનુભાઈ પટેલની માલિકીની જમીન પર આવેલો છે. આ બાબતે થયેલ તકરારી કેસની સુનાવણીના અંતે, સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ દ્વારા મારી ફેરફાર નોંધને નામંજુર કરતો સત્તાવાર હુકમ પસાર કરવામાં આવ્યો, જે આ સમગ્ર છેતરપિંડીનો એક નક્કર અને દસ્તાવેજી પુરાવો છે.

તેમજ મેં આર.ટી.આઇ.કરી નગર નિયોજન અને મુલ્યાંકન ખાતું,આણંદ પાસે સામરખા સર્વે નં.૬૯૩ ૫ અંગે માહિતી માંગતા તેઓએ માહિતી આપેલ જેમાં એક નકશો નગર નિયોજનની કચેરીના પત્ર નં.બી.પી.સામરખા આણંદ ૨૧૦૯ થી ૨૧૧૨ તા.૧૩.૧૨.૨૦૨૨ જે ચોરસ નકશો ૮૩ પ્લોટનો હતો જે નકશાની માંગણી માટે મુનાફભાઇએ જરૂરી દસ્તાવેજો રજુ કરેલ હતા તેમા માપણી સીટ ચોરસ રજુ કરેલ છે જેમાં તલાટી સરપંચના સહિ સીક્કા નથી તથા બીજો સુધારેલ નકશો નગર નિયોજનની કચેરીના પત્ર નં.બી.પી.સામરખા.આણંદ.૧૩૯૮ તા.૨૨.૦૯.૨૦૨૩ જે લંબ ચોરસ નકશો છે જે પણ ૮૩ પ્લોટવાળો છે જે નકશાની માંગણી માટે મુનાફભાઇએ જરૂરી દસ્તાવેજો રજુ કરી કરેલ છે જેમાં તલાટીના સહિ સીક્કા છે. જેથી અલ્તાફભાઇનાઓએ મારા મિત્ર ઇરફાન પૈગામનાઓને વોટ્સએપ પર મોકલી આપેલ તથા અમો અલ્તાફભાઇના નવા બનતા ઘરે રૂબરૂમાં ગયેલ ત્યારે મુનાફભાઇ વ્હોરા તથા અલ્તાફભાઇ વ્હોરાનાઓએ મને તથા ઇરફાનભાઇ પૈગામવાળાને બતાવેલ તે ૯૭ પ્લોટવાળા નકશાથી અલગ હોય જેથી મેં તલાટી કમ મંત્રી, સામરખા ગ્રામ પંચાયત નાઓને આર.ટી.આઇ.કરી માહિતી મેળવતા અરજદાર મુનાફભાઇ ઇદ્રીશભાઇ વ્હોરા રહે તારાપુર, જી.આણંદ



Scanned with CamScanner

દ્વારા તા.૫.૧.૨૦૨૪ ના રોજ સામરખા સર્વે નં.૬૯૩. ૫ ક્ષેત્રફળ ૭૩૭૦ ચો.મી વાળી જમીનમાં બાંધકામ કરવા સારૂ બાંધકામ પરવાનગી મેળવવા માટેની અરજી આપેલ જે અન્વયે રજુ કરેલ નગરનિયોજકશ્રીના પત્ર નંબર.બી.પી. સામરખા.આણંદ ૧૩૯૮ તા.૨૨.૦૯.૨૦૨૩ થી જે નકશો રજુ કરવામાં આવેલ છે તે નકશા પ્રમાણે જ બાંધકામ કરવા પરવાનગી આપવામાં આવેલ છે અને આ નકશા સિવાયના અન્ય કોઇપણ નકશા મંજુર કરવામાં આવેલ નથી તેમ પોતાના લેટર પેડ ઉપર લેખીતમાં જણાવેલ અને ૯૭ પ્લોટવાળો નકશામાં પોતાની તથા સરપંચની ખોટી સહિ હોવાનુ મૌખિક જણાવેલ.

આમ, ઉપરોક્ત તમામ હકીકતો અને પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે મુખ્ય સૂત્રધાર મુનાફભાઇ ઈદ્રીશભાઈ વહોરા રહે તારાપુર વ્હોરવાડ તા.તારાપુર જી આણંદ તથા અલ્તાફભાઇ યુસુફભાઇ વ્હોરા રહે ગાર્ડન સોસાયટી પાણીની ટાંકી પાસે,આણંદ હાલ રહે આણંદ ૧૦૦ ફુટ રોડ આમેના હિલ્સની સામે તથા શાહિનબેન ઇલ્યાસભાઇ વ્હોરા રહે સ્વામી કુપા સોસાયટી આણંદનાઓએ એકબીજાના મેળાપીપણામાં, સામરખા બીનખેતી. સી.સ.નં. એન.એ.૬૯૩.૫ વાળી રહેણાંક મકાન માટેની પ્લોટીંગ સ્કીમની પ્રથમ ૨૦૮ પ્લોટની ભ્રામક યોજના બતાવી, ત્યારબાદ ૮૩ પ્લોટનો ચોરસ નકશો મંજુર કરાવી તથા ત્યારબાદ પારકી જમીનને પોતાની બતાવવા સરકારી રેકોર્ડમાં ચેડાં કરી બીજો સુધારેલ લંબચોરસ ૮૩ પ્લોટવાળો નકશો મંજુર કરાવી તે આધારે સામરખા ગ્રામ પંચાયતમાં બાંધકામની મંજૂરી મેળવી ત્યારબાદ, સામરખા ગ્રામ પંચાયતના તલાટી તથા સરપંચના બનાવટી સહી સિક્કા વાળો ૯૭ પ્લોટના પ્લાનવાળો ખોટો નકશો બનાવી, જે જમીનના તેઓ માલિક નહોતા તે જમીનનો મને તથા અન્ય ગ્રાહકોને વેચાણ દસ્તાવેજ કરી આપી તે ખોટા દસ્તાવેજોને ખરા તરીકે ઉપયોગ કરી મારી પાસેથી મારી મહેનતની કમાણીના કુલ રૂ. ૩,૮૫,૦૦૦ પડાવી લઈ મારી તથા અન્ય ગ્રાહકો સાથે ગંભીર પ્રકારનો વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ હોય મારી તમામ આરોપીઓ વિરુદ્ધ ધોરણસરની તપાસ થવા મારી ફરિયાદ છે.મારા સાહેદ ફરિયાદમાં જણાવેલ તથા તપાસમાં નીકળે તેઓ વગેરે છે.

એટલી મારી ફરિયાદ હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે.

રૂબરૂ

(જી.એમ.પાવરા )
પોલીસ ઇન્સ્પેકટર
એલ.સી.બી , આણંદ

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- ઘનશ્યામસિંહ મેરૂભાઇ પાવરા Rank(હોદ્દો):- પોલીસ ઇન્સ્પેકટર
No.:- gmp250890 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge,
Police Station



Scanned with CamScanner

(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

| | | | |
|---|---|---|---|
| 14 | Signature/Thumb Impression of the complainant/informant.<br>(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ) | Name (નામ) | દિપકભાઈ ગણપતભાઈ રાઠવા |
| | | Rank (હોદ્દો) | હેડ કોન્સ્ટેબલ |
| | | GPF No (જીપીએફ નંબર) | dgr111285 |
| 15 | Date and time of dispatch to the court.<br>(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) | 14/08/2025 20:55 | |



Scanned with CamScanner